**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૨ ટકા

# ઘ-૭ પાસે ડમ્પર નીચે આવી જતા બાઈક ચાલકનું મૃત્યુ



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં માર્ગ અકસ્માતની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શહેરમાં ટ્રાફિક નિયમોનું અને ગતિ નિયંત્રણનું ઉલ્લંઘન કરી વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી રહ્યા છે. જેને પગલે શહેરમાં અકસ્માતની સંખ્યા વધતી જાય છે. શહેરના રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પર આજે સવારના અગીયાર વાગ્યાના અરસામાં ઘ-૭ પાસે બાઈક અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક નીચે પટકાતા બાઈક ચાલકનું માથું ડમ્પરના ટાયરમાં આવી જતા સ્થળ પર જ રાંધેજાના યુવાનનું કમકમાટીભર્યું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ફરાર ડમ્પર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં રહેતા મહેશભાઈ રમણભાઈ પટેલ છુટક મજુરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજ સવારના અગીયાર વાગ્યાના અરસામાં તે રાંધેજાથી પોતાના ભાઈને જમવાનું ટીફીન આપવા માટે સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે ગયા હતા. આ સમયે આદીવાડાથી ઘ-૭ તરફ આવી રહેલા ધસમસતા જી.જે.૦૯.એયુ.-૮૨૨૫ નંબરના ડમ્પર ચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી. ડમ્પરની ટક્કરથી બાઈક ચાલક નીચે પટકાયા હતા અને બાઈક દુર ફંગોળાઈ ગયું હતું. પરંતુ તેમનું માથુ ટાયર નીચે આવી જતા રાંધેજાના યુવકનું કમકમાટીભર્યુ મૃત્યું ઘટના સ્થળે નિપજયું હતું. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન દોડાવ્યું હતું અને થોડાક અંતરે ડમ્પર મુકીને ચાલક ભાગી ગયો હતો. બનાવ અંગે મૃતકના પિતરાઈ મનહરભાઈ કાંતિભાઈ પટેલની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી ફરાર ડમ્પર ચાલક ને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જયારે અકસ્માતને પગલે માર્ગ પર નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડતા માર્ગ પર ટ્રાફિક જામનાદ્રશ્યો જોવા મળ્યા હતા.

# સેકટર-૧૭ ટાઉનહોલ સામેથી બાઈક ચોરી કરનાર ત્રણ ઝડપાયા

## ગણતરીની મિનિટોમાં બાઈક ઉઠાવી ઈકોમાં મુકી ફરાર

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ પાસે આવેલા પાર્કીંગમાંથી ૨૫ દિવસ અગાઉ રાત્રીના સમયે ગણતરીની મિનીટોમાં બાઈકની ચોરીની ઘટના બની હતી. પોલીસે ચોરી થયેલા બાઈક સાથે ત્રણ શખ્સોને ઈકો ગાડી સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ એમ.જે.શિંદે ટીમ સાથે પેટ્રોલીગમાં હતા ત્યારે દિગ્વિજયસિંહને ચોરીના બાઈક અંગે માહિતી મળી હતી. જેને પગલે અલસીબીએ પેથાપુર સંજરી પાર્ક પાસે છાપરામાં રહેતા મહંમદ સલમાન સૌકતઅલી અન્સારી, મહંમદ જેદ અન્સારી અને સાહિલ નસીમ એહમત ધોબનીને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી બાઈકના ડોક્યુમેન્ટ માંગતા તેઓ ગલ્લા તલ્લા કરતા હતા. તેઓની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓએ કબુલાત કરી હતી કે ૨૫ દિવસ પહેલા ત્રણેય સલમાનની ઈકો ગાડી લઈને રાત્રીના સમયે સે-૧૭ ટાઉનહોલ ગયા હતા અને ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલું બાઈક ઉઠાવી લીધુ હતું. પોલીસે ચોરીનું બાઈક અને ઈકો ગાડી જપ્ત કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દોલારાણા વાસણા ગામે ભેંસ ચોરીની છે કહી ને બે નાગરીકો પર હુમલો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણા ગામે ગત તા. ૧૩ ના રોજ સાબરમતિ નદીના કોતરોમાં ટેમ્પામાં ભેંસ લઈને જઈ રહેલા પરિવાર પર ગામના ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો, અને મારમારી પૈસાની માંગણી કરી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઈટલા ગામના આશાબેન પોપટજી આતાજી ઠાકોર ઉં.વ.૩૫ પોતાના પિયર ગિયોડથી ભાઈએ આપેલી ભેંસ લઈને છોટા હાથી ટેમ્પામાં ગત તા.૧૩ ના રોજ ઈટલા જવા માટે નીકળ્યા હતા. ત્યારે દોલારાણા વાસણા ગામે રાત્રીના સાડાનવ વાગ્યા અરસામાં સાબરમતિ નદીના કોતરો પાસે ગામના સોનુસિંહ દિલિપસિંહ રાઠોડ, ગીરીરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રાઠોડ સહિત અન્ય એક શખ્સે ભેંસ ચોરીને કયાથી લાવ્યા.. કયા લઈ જાવ છો.. ભેંસ ચોરીની છે..સહિતના વિવિધ પ્રશ્નો કર્યા હતા. ત્યારબાદ પૈસાની માંગણી કરી હતી. તે સમયે સામસામે બોલાચાલી થતા ત્રણેય શખ્સો ગુસ્સે ભરાઈ ગયા હતા અને અચાનક પરિવાર પર હુમલો કર્યો હતો. તે સમયે ડ્રાઈવરે મારથી બચવા માટે એક હજાર રૂપીયા પણ શખ્સોને આપ્યા હતા. તેમ છતા ઉશ્કેરાયેલા શખ્સોએ લાકડી ફટકારતા જમણા હાથે ઈજા પહોંચાડી હતી. તો બીજીતરફ બનાવને પગલે ભયભીત બનેલા આશાબેન પોપટજી ઠાકોર ચિલોડા પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે શહેરમાં પવિત્ર ગુરૂપૂર્ણિમા પર્વની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી થશે

## મંદિરો તથા આશ્રમોમાં મહાઆરતી, ગુરૂવંદના, પાદુકાપૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમોના આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં મંગળવારે અષાઢી પૂર્ણિમા નિમિત્તે પવિત્ર ગુરૂપૂર્ણિમાનું પર્વ શ્રધ્ધાપૂર્વક ઉજવાશે. શહેરમાં અનેક મંદિરોમાં, ધાર્મિક આશ્રમોમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિશેષ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. શહેરના મંદિરોમાં વિશેષ આરતી પૂજન તથા ધાર્મિક આશ્રમોમાં ગુરૂવંદનાના કાર્યક્રમો યોજાશે.

શહેરમાં પવિત્ર ગુરૂપૂર્ણિમા પર્વ નિમિત્તે પંચદેવ મંદિરે વેદવ્યાસજીની જયંતિ ઉજવાશે જેમાં વેદવ્યાસનું પૂજન યોજાશે ત્યારબાદ ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજીની ઉપસ્થિતિમાં ગુરૂપૂજન યોજાશે. શહેરના સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે પણ ગુરૂવંદના સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સેકટર-૩૦માં સિંધુધામ ઝુલેલાલ મંદિરે વિશેષ આરતી પૂજન તથા મહાપ્રસાદના આયોજન હાથ ધરવામાં આવ્યા છે. સેકટર-૨૮માં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે પણ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાશે. ગાંધીનગર પાસેના વાવોલ ખાતેના રામધામમાં પણ પરંપરાગત રીતે મહામંડલેશ્વર મહંત મધૂસૂદનજી મહારાજના સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાદુકા પૂજન, ગુરૂપૂજન તથા દિક્ષા જેવા ધાર્મિક પ્રંસંગો ઉજવાશે. આ ઉપરાંત શહેરના વિવિધ મંદિરોમાં પણ પવિત્ર પર્વ ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિશેષ આરતી, ગુરૂદર્શન, ગુરૂવંદના મહાપ્રસાદ જેવા આયોજન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરના શૈક્ષણિક સંકુલોમાં પણ ગુરૂવંદનાના વિવિધ કાર્યક્રમો યોજાશે.

# મીનાબજારમાં ઉભરાતી ગટરથી દૂષિત પાણીનો ભરાવો જાહેર આરોગ્ય માટે જોખમી

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં જુના સચિવાલય પાસે આવેલા મીના બજારમાં ફરી એકવાર ઉભરાતી ગટરના દૂષિત પાણી ફરી વળતા દુર્ગંધનો માહોલ છવાઈ જવા પામ્યો છે. દૂષિત પાણીના ખાબોચિયા મીનાબજારમાં ભરાતા અહીંના વેપારીઓ, કર્મચારીઓ તથા મુલાકાતીઓનું આરોગ્ય જોખમાય તેવી પરિસ્થિતિ સર્જાવા પામી છે.

ગાંધીનગરના જુના સચિવાલયની બાજુમાં વિકસેલ મીના બજાર દૈનિક જરૂરિયાતની નાની-મોટી લગભગ તમામ ચીજવસ્તુઓ કિફાયતી ભાવે ખરીદવા માટેનું બજાર ગણાય છે અને અહીં પાથરણાવાળા, લારી ગલ્લાવાળાથી માંડીને દુકાનધારક વેપારીઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત અહીં ચા-કોફીથી માંડીને નાસ્તા અને ભોજન સહિતનું ખાણી પીણીનું બજાર પણ વિકસેલું છે. જેના કારણે સચિવાલયના કર્મચારીઓ સહિત મુલાકાતીની અવરજવર ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. સતત ધમધમતા મીના બજામાં ગટર ઉભરાવાને કારણે દૂષિત પાણીની નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને ઠેર ઠેર આ દૂષિત પાણીના ખાબોચિયાં ભરાયા છે જેને કારણે અહીંના વેપારીઓ, તેમના કર્મચારીઓ તથા બજારની મુલાકાતે આવતા સરકારી કર્મચારીઓ સહિતના અન્ય ગ્રાહકો વગેરે તમામનું આરોગ્ય જોખમાઈ શકે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વળી, ખાણી-પીણી બજારને પગલે દૂષિત પાણીમાં પેદા થતા રોગજન્ય જીવાણુઓ જાહેર આરોગ્ય સામે ખતરો બની શકે છે તે ધ્યાને રાખી તંત્ર દ્વારા સત્વરે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ વેપારીઓમાં ઉઠવા પામી છે.



# પ્રેરણા બાળ રથયાત્રા સમિતિની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા.૧૫

પ્રેરણા બાલ રથયાત્રાના સમાપનની દાતાશ્રીઓના અભિવાદન અંગે અધ્યક્ષ કનૈયાલાલજી પંડયાના અધ્યક્ષસ્તાને બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે સમિતિના અધ્યક્ષ કનૈયાલાલજી પંડયાએ જણાવ્યું હતું કે ૩૨ વર્ષથી નગર ઉત્સવ તરીકે મોટા પાયે રથયાત્રા યોજાય છે. છેલ્લા ૨ વર્ષથી પ્રેરણા વિદ્યાલય દ્વારા નાના પાયે બાળકોની રથયાત્રા યોજાય છે. નવા સેકટરોની મર્યાદાના કારણે નવા સેકટરના વસાહતીઓની ભગવાન તેમના દ્વારે આવે તે ઈચ્છા પૂર્ણ થતી નથી પરિણામે નવા આયોજન સાથે પ્રેરણા બાળ રથયાત્રાનું મોટા પાયે આયોજન કરી આસ્થા વધે છે તથા જીવનમાં પ્રેરણા મળી રહે છે. આ પ્રસંગે દાતાશ્રીઓનો આભાર માનવામાં આવ્યો હતો અને રથને ફેબ્રીકેશન કરી આપનારનો પણ આભાર માનવામાં આવ્યો હતો.

જયેશભાઈ આગજા તેમજ તેજાભાઈ દેસાઈ રથયાત્રાના હિસાબો રજુ કર્યા હતા. મંત્રી પ્રદિપસિંહજી બિહોલાએ આભાર વ્યકત કર્યો હતો. દરેકને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા તથા હવે પછીના વર્ષમાં રથયાત્રાને જાજરમાન બનાવવાની અભિલાષા વ્યકત કરવામાં આવી હતી.

## પીએચડી થયા



પ્રિયંકા જીતેન્દ્રભાઈ પટેલે પ્રોફેસર ડૉ. મીનુ શરાફના માર્ગદર્શન હેઠળ માઈક્રોબાયોલોજી વિષયમાં પીએચડીની ઉપાધિ મેળવી છે. જેનો શોધ નિબંધ બાયોફોર્ટીફિકેશન ઓફ લેગ્યુમ્સ વીથ રેફરન્સ ટુ આયર્ન એન્ડ સેલેનિયમ થ્રુ યુઝ ઓફ માઈક્રોબાયલ ઈનોકયૂલન્ટસ વિષય હતો.

# જલારામ મહિલા મંડળ દ્વારા ગૌરી વ્રતની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧૫

જલારામ મહિલા મંડળ સે-૨૯ દ્વારા ગૌરી વ્રતની ઉજવણી નિમિત્તે સમાજની બાળાઓ, માતાઓ અને દાદીઓ માટે હાઉસીનો કાર્યક્રમ યોજાયો હતો. સાથે સાથે મહિલા મંડળના રજતજયંતિ વર્ષ સંદર્ભે ભૂતપૂર્વ પ્રમુખોનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગરની દરેક અગ્રણી સંસ્થાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. સમાજની બાળાઓ તથા બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. ગૌરી વ્રત નિમિત્તે બાળાઓને ભાનુબેન ઠકકર તરફથી શણગારની વસ્તુ અને નીતાબેન ધોકાઈ, ઉષાબેન જી. ઠકકર અને દીપ્તીબેન દાસાણી તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મહિલા મંડળની દરેક બહેનનો પૂરતો ફાળો રહ્યો હતો.



સે-૨૯ સરકારી આયુર્વેદીક દવાખાનાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં આયુષની કચેરી નિયામક ડૉ. ભાવનાબેન પટેલ, વોર્ડ કોર્પોરેટર રોશનબેન પરમાર, હસમુખભાઈ મકવાણા, એમ.વી. પટેલ ઈંગ્લીશ સ્કૂલના આચાર્ય અર્પિતભાઈ, ડૉ. વર્ષાબેન પારેખ, સ્પોર્ટસ યુનિવર્સિટીના શિલ્પાબેન એ. પટેલ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સે-૨૯ મેડીકલ ઓફીસર દક્ષાબેન મકવાણા, જયંતિભાઈ પટેલ, અશ્વિનકુમાર જે. પટેલ અને હરજીતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્કાર ગૃપ દ્વારા ગુરૂપૂર્ણિમા મહિમા અંગે કાર્યક્રમ યોજાયો હતો જેમાં બાળકો દ્વારા તૈયાર કરેલા દ્દષ્ટાંતો સાથે ગુરૂ મહિમા અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત રીસાયેલા વરૂણદેવને મનાવવા માટે પુજા પ્રાર્થના કરવામાં આવી હતી.



# હક્કની માંગણીઓ સાથે માજી સૈનિકો સરકાર સામે રણે ચઢયા

## જો કે સરકારે ૩૦મી ઓગષ્ટ સુધીમાં હકારાત્મક અમલીકરણની હૈયાધારણ આપતા આંદોલન સમેટી લીધું





ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આજે માજી સૈનિકોએ તેમની વિવિધ માંગણીઓ સાથે સરકાર સામે લડત છેડી હતી. ગુજરાત માજી સૈનિક સંગઠનના નેજા હેળ હાથ ધરાયેલી આ લડતમાં કુલ ૧૪ પડતર માંગણીઓ કરવામાં આવી છે. જેમાં ફિકસ પગાર, માજી સૈનિકોને મળતી અનામતને આધારે મેરિટ અને રહેણાંક પ્લોટ તથા ખેતી હેતુ જમીન વગેરે મુદ્દાઓનો સમાવેશ થાય છે. અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી તથા કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદ સોલંકી તથા રાષ્ટ્રીય કરણીસેનાના ગુજરાત પ્રદેશના અગ્રણી રાજ શેખાવત વગેરેએ મુલાકાત લઈ માજી સૈનિકોને તેમનું સમર્થન જાહેર કર્યુ હતું.

રાધનપુરના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે સરકાર ઉદ્યોગપતિઓને જમીનની લ્હાણી કરે છે અને દેશ માટે શહીદ થનાર સૈનિકના પરિવારને માત્ર રૂ. ૪ લાખ જ આપે છે. આ મુદ્દો તેઓ વિધાનસભામાં ઉઠાવશે. રાષ્ટ્રીય કરણીસેનાના અગ્રણી રાજ શેખાવતે પણ પોતે માજી સૈનિક હોવાનું કહેતા આ વાતને કરણી સેનાનો ટેકો હવાનું જાહેર કર્યુ હતું. માજી સૈનિક સંગઠને જયાં સુધી તેમની માંગણીઓ સંતોષાશે નહી ત્યાં સુધી લડત ચાલુ રાખવાની તૈયારી દર્શાવી હતી પરંતુ સરકારમાં આવેદનપત્ર આપતા સરકાર તરફથી તા. ૩૦મી ઓગષ્ટ સુધીમાં તમામ માગણીઓ અંગે હકારાત્મક વલણથી અમલીકરણ અંગે વિચારવાની ખાતરી આપવામાં આવતા સાંજે આંદોલનને સમટે લેવાયું હતું જો કે આ સાથે માજી સૈનિક સંગઠન વતી જીતેન્દ્ર નિમાવત દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી હતી કે જો સરકાર તેમની માંગણીઓ નહીં સંતોષે તો ફરી ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

# ગોવર્ધનનાથજીની હવેલી ખાતે હિંડોળા દર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે તા. ૧૭ જુલાઈથી ૧૭ ઓગષ્ટ સુધી હિંડોળા દર્શન યોજવામાં આવ્યા છે. જેમાં સુરંગના હિંડોળાના દર્શનનો સમય સાંજે ૫ થી ૫.૩૦ અને અન્ય હિંડોળાના દર્શનનો સમય સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાકનો રહેશે.

# જય ભગવાન એકયુપ્રેશર કેન્દ્ર શનિવારથી ગાયત્રી મંદિર ખાતે કાર્ય કરશે

ગાંધીનગર, તા.૧૫

જય ભગવાન અકયુપ્રેશર કેન્દ્રનું સ્થળ તા. ૨૦મી જુલાઈ શનિવારથી સેકટર-૭-ડીમાંથી ગાયત્રી મંદર સેકટર-૧માં બદલવામાં આવેલ છે. જય ભગવાન અકયુપ્રેશર કેન્દ્ર તથા ગાયત્રી મંદિરના સંયુકત ઉપક્રમે હવેથી તા. ૨૦મી જુલાઈ શનિવારથી દર શનિવારે સાંજે ચારથી સાડા ચાર સુધી દર બુધવારે સવારે સવા આઠ વાગેથી પોણા નવ સુધી કેન્દ્ર ચાલુ રહેશે તેમ એકયુપ્રેશર કેન્દ્રના શોભાબેન શાહે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ડાભી કનુજી બળદેવજી, ઉ.વ. ૪૫
- સ્વ. દંતાણી જોસનાબેન લાલાભાઈ, ઉ.વ. ૩૫
- સ્વ. વાઘેલા મંગુબા હરીસિંહ, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર હિરાબેન ડાહ્યાજી, ઉ.વ. ૬૪